સાદર રજુ,

વિષય :– સુ.મ.પા. ના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ ખાતાકીય બાગોમાં દૈનિક બાગબાની નિભાવ કામગીરી પ્લાન્ટેશન અને ટ્રી ટ્રીમીંગ વિગેરે કામો માટે અનુભવી ૬(છ) કામદાર સાથે ટ્રેક્ટર વીથ હાઈડ્રોલીક ટ્રેઈલર પુરા પાડવાના કામે સમંતિ પત્રક મંગાવવા બાબત.

સંદર્ભ :– મા.મ્યુ.કમિશનરશ્રીની મંજુરી તા.૨૩/૧૨/૨૦૨૫ થી મંજુર થયેલ ભાવ મુજબ.

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે,

૧. સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ખાતાકીય બાગોમાં (ગાંધીબાગ, સ્નેહમિલન, દયાળજી, દાદાભાઈ નવરોજી, જયંતપાઠક વિ.) દૈનિક બાગબાની નિભાવ કામગીરી, પ્લાન્ટેશન અને ટ્રી ટ્રીમીંગ, ગાર્ડન વેસ્ટ નિકાલ વિગેરે કામ માટે અનુભવી ૬(છ) કામદાર સાથે ટ્રેક્ટર વીથ હાઈડ્રોલીક ટ્રેઈલરની જરૂરીયાત રહેલ છે.

૨. હાલમાં અ.નં.૨ માં જણાવેલ બાગોમાં બાગબાની નિભાવ કામગીરી માટે ૬ થી ૭ પ્રયાસો કરી ઓનલાઈન જાહેર ટેન્ડરો પ્રસિધ્ધ કરી ટેન્ડરો મંગાવવામાં આવેલ તેમ છતાં આજ પર્યન્ત સદરહુ કામે કોઈપણ ઈજારદાર ધ્વારા ટેન્ડરો ભરવામાં આવેલ નથી. ટુંક સમયમાં સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૫–૨૬ આવનાર હોય, કામગીરીને પહોંચી વળવા તેમજ કામગીરી અગત્યતા ધ્યાને લઈ મંજુર થયેલ યુનિટ રેટ મુજબ વિવિધ બાગબાની નિભાવ કામો કરવા માટે વાહનો તેમજ કામદારોની આવશ્યકતા હોય, ઈજારાથી મેળવવાની જરૂરીયાત છે.

૩. મુદ્દા નં.૧ અને ૨ માં વિગતે જણાવેલ બાબતે સદર પ્રકારની કામગીરી કરતા અનુભવી ઈજારદારો પાસે સંમતિ મંગાવવા જોગ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | કામની વિગત | :– | સુ.મ.પા. ના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ ખાતાકીય બાગોમાં દૈનિક બાગબાની નિભાવ કામગીરી પ્લાન્ટેશન અને ટ્રી ટ્રીમીંગ વિગેરે કામો માટે અનુભવી ૬(છ) કામદાર સાથે ટ્રેક્ટર વીથ હાઈડ્રોલીક ટ્રેઈલર પુરા પાડવાનું કામ. |
| ૨ | ભાવ મંજુરીની વિગત | :– | મા.મ્યુ.કમિશનરશ્રીની મંજુરી તા.૨૩/૧૨/૨૦૨૫ થી મંજુર થયેલ ભાવ મુજબ. |
| ૩ | મંજુર થયેલ ભાવ | :– | રૂા.૩,૧૦૦/– પ્રતિ દિન (૮ કલાક) |
| ૪ | કામની રકમ | :– | રૂા.૧,૯૮,૪૦૦.૦૦ પૈ. |
| ૫ | કામનો સમયગાળો | :– | ૬૪ દિવસ |
| ૬ | બજેટ હેડ | :– | ૭૧/૩૫૦૩ |
| ૭ | કામદારો સાથે ટ્રેક્ટર વીથ હાઈડ્રોલીક ટ્રેઈલર રાખવાની જરૂરીયાત / કારણ | :– | મુદ્દા નં.૧ અને ૨ માં જણાવ્યા મુજબ જણાવેલ વિસ્તારમાં દૈનિક નિયમિત કરાવવાપાત્ર બાગબાની નિભાવ કામગીરી માટે બીજી કોઈ વૈકલ્પિક વ્યવસ્થા નથી. |
| ૮ | ૬ (છ) કામદારો સાથે ટ્રેક્ટર વીથ હાઈડ્રોલીક ટ્રેઈલરની કુલ જરૂરીયાત | :– | ૦૧ (એક) નંગ |

૪. સદર કામે આ કામના અનુભવી તેમજ સદર પ્રકારની કામગીરી કરતા ઈજારદારો પાસેથી સંમતિ મંગાવવા મંજુરી મળવા વિનંતી.

આસી. ઈજનેર / જુની ઈજનેર,

હોર્ટી.સુપરવાઈઝર ,

ડે. ઈજનેરશ્રી, 04/02/2026 04/02/2026

કાર્યપાલક ઈજનેરશ્રી,

માન. એડી.સીટી ઈજનેરશ્રી.

FIT INDIA

| કાર્યપાલક ઈજનેર<br>સેન્ટ્રલ ઝોન | | સુરત મહાનગરપાલિકા<br>**સેન્ટ્રલ ઝોન, નવુ વહીવટી ભવન**<br>મુગલીસરા મેઈન રોડ, સુરત. Ext.૨૦૫<br>કન્ટ્રોલ રૂમ : ટે.નં.૨૪૨૦૫૪૭ ફેકસ : ૨૪૨૦૫૪૮ |
|---|---|---|

**સે.ઝોન/એન્જી/આઉટ/નં.** 5112
**તા.** 18/૨/૨૦૨6

**<u>સંમતિપત્રક</u>**

**પ્રતિ,**

...................................
...................................
...................................

**વિષય :–** સુ.મ.પા. ના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ ખાતાકીય બાગોમાં દૈનિક બાગબાની નિભાવ કામગીરી પ્લાન્ટેશન અને ટ્રી ટ્રીમીંગ વિગેરે કામો માટે અનુભવી ૬(છ) કામદાર સાથે ટ્રેકટર વીથ હાઈડ્રોલીક ટ્રેઈલર પુરા પાડવાનું કામ.

**સંદર્ભ :–** (૧) મા.મ્યુ.કમિશ્નરશ્રીની મંજુરી તા.૨૩/૧૨/૨૦૨૫ થી મંજુર થયેલ ભાવ મુજબ.
(૨) એડી. સીટી ઈજનેરશ્રીની તા.૦૯/૦૨/૨૦૨૬. ના રોજની મંજુરી.

**મહાશય,**

સુ.મ.પા. ના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ ખાતાકીય બાગોમાં દૈનિક બાગબાની નિભાવ કામગીરી પ્લાન્ટેશન અને ટ્રી ટ્રીમીંગ વિગેરે કામો માટે અનુભવી ૬(છ) કામદાર સાથે ટ્રેકટર વીથ હાઈડ્રોલીક ટ્રેઈલર પુરા પાડવાના કામે ઉકત સંદર્ભ (૧) મુજબ મા.મ્યુ.કમિશ્નરશ્રીની મંજુરી તા.૨૩/૧૨/૨૦૨૫ થી મંજુર થયેલ ભાવ રૂા.૩,૧૦૦/– પ્રતિદિન (૮ કલાક) થી રૂા.૨,૦૦,૦૦૦.૦૦ પૈ. ની મર્યાદામાં કામગીરી કરાવવા સંદર્ભ (૨) હેઠળથી મંજુરી મળેલ. આ કામ કરવા સંમત હોય તો આપશ્રીની લેખીત સંમતિ બંધ કવરમાં તા.૨૫/૦૨/૨૦૨૬ સુધીમાં નીચે સહી કરનારની કચેરીમાં પહોંચાડવા પ્રબંધ કરશો. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવરો સ્વીકારવામાં આવશે નહી.

**<u>–: શરતો :–</u>**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૨,૦૦૦ /– ની આપવાની રહેશે.
૨. ઈજારદારે અંદાજીત રકમ ના ૨૦% એટલે કે રૂા.૪૦,૦૦૦.૦૦પૈ. કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફીકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૩. ઈજારદારે સમાન પ્રકારના પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (Form 3A/Work Completion Certificate) ની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૪. ઈજારદારે GST રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.
૫. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.
૬. કોઈપણ તથા બધાજ સંમતિપત્રક રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહી.
૭. તમામ પ્રકારના વેરા / સરકારી ટેક્ષ ઈજારદારે ભોગવવાનાં રહેશે.
૮. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.
૯. ઈજારદારે ડ્રાઈવીંગ લાયસન્સની વિગત તેમજ ટ્રેકટરની સંબંધિત ઈજારદારના/માલિકીના નામે અથવા ભાડા કરાર અથવા વેચાણ દસ્તાવેજના જેવા કે, આર.સી.બુકની પ્રમાણિત નકલ.
(ટ્રેકટર વર્ષ–૨૦૧૫ અને તે પછીનાં વર્ષનુ મેન્યુફેકચરીંગ /પાસીંગ હોવુ જોઈએ.)

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા